# પાઠ - ૧૬ ખ્રિસ્તી ચારિત્ર્ય

**યાદ રાખો :** *" પણ પવિત્ર આત્માનું ફળ પ્રેમ, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે. એવાની વિરૂધ્ધ કોઈ નિયમ નથી." (ગલાતી ૫ : ૨૨-૨૩)*

**પ્રસ્તાવના :** *સૌથી વધારે અગત્યનો પ્રશ્ન જે આપણે પૂછી શકીએ તે એ છે, "શું પુરાવો તથા સાબિતિ છે કે કોઈ એક ખ્રિસ્તી છે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સાચો અનુયાયી છે ? આપણે જાણીએ છીએ કે તમારા ગેરેજમાં ઊભા રહેવાથી તમે કાર બનતા નથી તેવી રીતે મંડળીમાં ભાગ લેવાથી કોઈ ખ્રિસ્તી બનતું નથી."*

## કેવી રીતે બીજા જાણશે કે તમે સાચા ખ્રિસ્તી છો ?

*"તેઓના ........................ થી તમે તેઓને ઓળખશો, શું લોકો કાંટાના ઝાડ પરથી દ્રાક્ષા અથવા ઊંટકટારી પરથી અંજીર તોડે છે ? તેમજ હરેક સારું ઝાડ સારા ફળ આપે છે, ને ........................ ઝાડ નઠારા ફળ આપે છે, ........................ ઝાડ નઠારાં ફળ આપી શકતું નથી, ને ખરાબ ઝાડ સારા ફળ આપી શકતું નથી. હરેક ઝાડ જે સારું ફળ નથી આપતું તે કપાય છે, ને ........................ માં નંખાય છે. તે માટે તેઓના ........................ થી તમે તેઓને ઓળખશો." (માત્થી ૭ : ૧૬-૨૦)*

*ઈસુ આપણને આ કલમોમાં જે કહી રહ્યાં હતા તે એ છે કે જે રીતે ઝાડ ફળ ઉત્પન્ન કરે છે તે રીતે લોકો પણ ફળ ઉત્પન્ન કરે છે. તેઓનું ફળ (જે રીતે તેઓ તેમના જીવનો જીવે છે) તેઓની ચારિત્ર્યનું પરિણામ છે. વ્યક્તિની આંતરિક સ્થિતિ તેમના બાહ્ય કાર્યોમાં જોવા મળે છે.*

*લોકો બેમાંથી એક પ્રકારના ઝાડ હોય છે.*

*(૧) ખરાબ ઝાડ (ખરાબ ચારિત્ર્ય) - ખરાબ ફળ ઉત્પન્ન કરે છે જે દેહના કામો છે.*

*(૨) સારું ઝાડ (સારું ચારિત્ર્ય) - સારું ફળ ઉત્પન્ન કરે છે જે આત્માનું ફળ છે.*

*દેહના કામો (ગલાતી ૫ : ૧૯-૨૧)*

**વ્યભિચાર** - *પરણિત વ્યક્તિ જેને તેની પત્ની / પતિ સિવાય બીજી કોઈ વ્યક્તિ સાથે જાતિય સંબંધો હોય છે.*

**લગ્નપૂર્વે સ્વૈચ્છિક જાતિય સંબંધો** - *વ્યભિચાર બધાં જ પ્રકારના ગેરકાયદેસર જાતિય સંબંધોનો સમાવેશ થાય છે.*

**અપવિત્રતા** - *વાણી, વર્તન અને વિચારમાં નૈતિક અપવિત્રતા*

**કામાતુરપણું** - *જાતિય પાપો, લંપટ, વર્તનનું જાહેરમાં નિર્લજ્જ પ્રદર્શન*

**મૂર્તિપૂજા** - *કોઈ વ્યક્તિને તથા કોઈ વસ્તુને તમે ઈશ્વર કરતાં વધારે પ્રેમ અને માન આપો.*

**મેલી વિદ્યા** - *મંત્રતંત્રથી ભવિષ્ય જાણવાની વિદ્યા, અશુધ્ધ આત્માઓના જગતમાં દાખલ થવું.*

**ધિક્કાર** - *કોઈકના પ્રત્યે અતિશય પ્રમાણમાં ગુસ્સો તથા વેરની લાગણી.*

**વિરોધ** - *ધિક્કારના કૃત્યો*

**હરિફાઈ** - *ઈર્ષા*

**ક્રોધ** - *ઉશ્કેરાટનો વિસ્ફોટ*

**લડાઈ** - *ઝઘડવું, દલીલ કરવી*

**બંડ** - *અલગ જૂથોમાં ભાગલા પાડવા*

**પાખંડતા** - *ખોટું શિક્ષણ*

**અદેખાઈ** - *જે બીજા કોઈકની માલિકીનું છે તેના પર અધિકાર જમાવવાની દુષ્ટ ઈચ્છા*

**ખૂન** - *માનવ જીવનનો વિનાશ*

**નશો** - *ભારે પીણાંનો નશો*

**મિજલસ** - *અભદ્ર મિજલસ*

*પાઉલ "…. અને જેવાં કે " સાથે તેના દેહના કામોની યાદી સમાપ્ત કરે છે અને આપણને જણાવે છે કે આ તો ખરાબ ફળનો માત્ર નમૂનો છે.*

## આત્માના ફળ (ગલાતી ૫ : ૨૨-૨૩)

**પ્રેમ** - *ઈશ્વરને ખુશ કરવાની અને કશા બદલાની અપેક્ષા વગર આપણા સાથી બંધુઓ પ્રત્યે ભલું કરવાની તીવ્ર ઈચ્છા (૧ કરિંથી ૧૩ : ૧-૭)*

**આનંદ** - *ઈશ્વરની સાથે શાંતિ હોવાને પરિણામે આંતરિક પ્રસન્નતા (૧ પિત્તર ૧ : ૮)*

**શાંતિ** - *સંઘર્ષની ગેરહાજરી શાંતિની ખાતરી કે બધું સારું છે અને બધું ઈશ્વરના નિયંત્રણમાં છે. (યોહાન ૧૪ : ૨૭)*

**સહનશીલતા** - *બીજાઓ અને સંજોગો જેમાં આપણે પોતાની જાતને અંદર જોઈએ છીએ તે પ્રત્યે ધીરજ (૧ તિમોથી ૧ : ૧૬)*

**માયાળુપણું** - *બીજાઓ સાથેના આપણા વ્યવહારમાં સદ્‌વર્તન અને વિનય - વિવેક (૧ થેસ્સાલોનિકી ૨ : ૭)*

**ભલાઈ** - *બીજાઓને લાભ અને મદદ કરવાની ઈચ્છા. (ગલાતી ૬ : ૧૦)*

**વિશ્વાસુપણું** - *બચાવે એવો વિશ્વાસ નહિ પણ વિશ્વાસપણું (વિશ્વાસલાયક, વફાદાર અને વિશ્વસનીય) પ્રકટીકરણ ૨ : ૧૦, ૧૭ : ૧૪)*

**નમ્રતા :** *તાકાત અને સામર્થ્ય નિયંત્રણ હેઠળ નમ્ર વ્યક્તિ જ્યારે તેની સાથે ખોટું થાય છે ત્યારે બદલો લેતો નથી. (તિતસ ૩ : ૨)*

**સંયમ** - *સંયમ, જીવનનું નિયંત્રણ દેવના આત્મા દ્વારા અને બીજા પ્રભાવો નહિ. (૧ કરિંથી ૯ : ૨૫)*

(૧) પાઉલે ખ્રિસ્ત જેવા જીવનના પ્રક્ટીકરણની સરખામણી માણસોના વાંચવામાં આવે એવા ...................... તરીકે કરી હતી જે શાહીથી લખેલો નહિ પણ ......................, ...................... લખેલો છે. (૨ કરિંથી ૩ : ૨-૩)

(૨) જો તમે ખ્રિસ્તના શિષ્ય છો તે કેવી રીતે માણસો જાણશે ? (યોહાન ૧૩ : ૩૫)

..................................................................

(૩) શું એ શક્ય છે કે ખ્રિસ્તી હોવાનું જાહેર કરવું, પણ તમારા કાર્યોમાં તેનો નકાર કરવો ? (તિતસ ૧ : ૧૬)

..................................................................

## કેવી રીતે સારું ફળ ઉત્પન્ન કરવું

(૧) "પણ જે ......................, ...................... થી છે, તે પ્રથમ તો નિર્મળ પછી સલાહ કરાવનારું નમ્ર, સહેજે સમજે એવું, દયાથી તથા ...................... ...................... થી ભરપૂર છે." (યાકૂબ ૩ : ૧૭)

(૨) કેવી રીતેઆપણે આપણી જાતોને ફળ ઉત્પન્ન કરનાર ઝાડ બનવા મદદ કરી શકીએ ?

(અ) આપણે ......................ની ઈચ્છા રાખવી જ જોઈએ. (૧ પિત્તર ૨ : ૧-૨)

(બ) આપણે પોતાને ...................... ને સોંપવા જ જોઈએ. (રોમન ૬ : ૧૩)

(ક) આપણે આપણા ...................... નો નકાર કરવો જ જોઈએ. (રોમન ૮ : ૧૩, ૧પિત્તર ૪ : ૨)

(ડ) આપણે ...................... માં રહેવું જ જોઈએ. (યોહાન ૧૫ : ૫)

(૩) કઈ બે આજ્ઞાઓ પર નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોનો પાયો રહેલો છે ? (માત્થી ૨૨ : ૩૬-૪૦)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## આપણું સારું ફળ બીજાઓને અસર કરે છે.

(૧) કલોસી ૧ : ૧૦ પ્રમાણએ આપણે શેમાં ફળદાયી રહેવું જોઈએ ?

..................................................................

(૨) જ્યારે તેઓ તમારી સારી કરણીઓ જુએ છે ત્યારે બીજાઓ પર શું અસર થાય છે ? (માત્થી ૫ : ૧૬)

..................................................................

(૩) ૧ કરિંથી ૧૨ : ૧૪ - ૨૭ વાંચો. આ કલમો આપણને કહે છે કે શરીર (વિશ્વાસીઓ) ના બધા અવયવો અગત્યના છે અને તેથી અવયવોએ એકબીજાને માટે એકસરખી ચિંતા રાખવી જોઈએ.

આપણે કેવી રીતે તે કરી શકીએ ?

(ગલાતી ૬ : ૨ ) ..............................................

(યોહાન ૧૩ : ૩૫) ..............................................

(એફેસી ૪ : ૩૨) ..............................................

(રોમન ૧૨ : ૧૦) ..............................................

(રોમન ૧૨ : ૧૩) ..............................................

....................................................................

(૪) શું તમે તમારા ભાઈના રખેવાળ છો ? (ઉત્પતિ ૪ : ૯)

....................................................................................

(૫) આપણો નમૂનો ખ્રિસ્તમાં આપણા ભાઈઓ તથા બહેન માટે ક્યાં તો મદદરૂપ બની શકે અથવા વિઘ્નરૂપ બની શકે.

આપણે સાવચેત રહેવું જોઈએ કે આપણે આપણાં ભાઈને ......................... બનતા નથી અન તેને /તેણીને પડવાનો પ્રસંગ આપતા નથી. (રોમન ૧૪ : ૧૩)

(૬) માર્ગો જણાવો કે જેમાં આપણે આપણા ભાઈ/બહેનને માટે સારા નમૂનારૂપ બની શકીએ ?

(ગલાતી ૬ : ૯-૧૦) ..............................................

(૧ તિમોથી ૨ : ૯-૧૦) ..............................................

(નીતિવચનો ૧૭ : ૯, ૧૮:૮) ..............................................

(લૂક ૧૯ : ૧૩) ..............................................

(૭) માર્ગો જણાવો કે જેમાં આપણે આપણા ભાઈ/બહેનને માટે ઠોકરરૂપ બની શકીએ.

(રોમન ૧૪ : ૨૧) ..............................................

(નીતિવચનો ૧૧ : ૨૨) ..............................................

(હિબ્રૂ ૧૦ : ૨૫) ..............................................

## સારાંશ

૧ કરિંથી ૩ : ૧૬-૧૭ આપણને કહે છે કે આપણે દેવનું મંદિર છીએ અને આપણામાં દેવનો આત્મા વસે છે. આનો અર્થ એમ કે ઈશ્વર ખરેખર આપણામાં રહે છે. તે હંમેશા આપણી સાથે છે. ઈસુ આપણા સારા ચારિત્ર્યનું ઉદ્‌ગમસ્થાન છે. તેમની મદદ વડે તથા આપણી તેમ કરવાની ઈચ્છાથી આપણે ખ્રિસ્તી જીવન જીવી

શકીએ અને આત્મિક ફળ ઉત્પન્ન કરીએ જે બધાં સાચા ખ્રિસ્તીઓ માટે આવશ્યક છે અને આ રીતે દેવને મહિમા આપીએ.

## ઉત્તરો

**કેવી રીતે બીજા જાણશે કે તમે સાચા ખ્રિસ્તી છો ?**

*ફળ, ખરાબ, સારું, અગ્નિ, ફળ*

**આત્માનું ફળ**

(૧) પત્ર, દેવના આત્મા

(૨) તમારા, એકબીજા પરના પ્રેમ દ્વારા

(૩) હા

**કેવી રીતે સારું ફળ ઉત્પન્ન કરવું**

(૧) જ્ઞાન, ઉપર, સારાં ફળો

(૨) (અ) વચનના નિષ્કપટ આત્મિક દૂધ

(બ) દેવ

(ક) દેહ

(ડ) ખ્રિસ્ત

(૩) પ્રભુ તારા દેવ પર તું તારા પૂરાં હૃદયથી ને તારા પૂરાં જીવથી ને તારા પૂરાં મનથી પ્રીતિ કર.

જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર.

**આપણું સારું ફળ બીજાઓને અસર કરે છે.**

(૧) સર્વ સારા કામોમાં

(૨) તેઓ દેવને મહિમા આપશે / આકાશમાંના બાપની સ્તુતિ કરશે.

(૩) એકબીજાના ભાર ઊંચકીએ

એકબીજાને પ્રેમ કરીએ

એકબીજા પ્રત્યે માયાળુ તથા કરૂણાળુ થઈએ અને માફી આપીએ

એકબીજા પ્રત્યે પ્રેમાળ બનીએ

સંતોની જરૂરિયાતો પૂરી પાડીએ અને પરોણાગત કરવામાં તત્પર રહીએ

(૪) હા

(૫) ઠોકરરૂપ

(૬) મંડળીની સેવાઓમાં ભાગ લઈને

સારા કોમથી પોતાને શણગારીએ

કૂથલીને મનભંગ કરીને અને હકારાત્મક બનીએ

(૭) મદ્યપાન કરીને

વિવેકહીન બનીને

મંડળીને તથા બીજી ખ્રિસ્તી સેવાઓને અવિશ્વાસુ રહીને.